ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
સ્પોર્ટસ લાઈન

ઈંગ્લેન્ડ માટે 254 રનનો લક્ષ્યાંક બીજીવાર કમનસીબી લઈને આવ્યો

1987ના વન ડે વર્લ્ડકપની ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાએ 253 રન બનાવ્યા હતા અને ઈંગ્લેન્ડ 246 રન સુધી સિમિત રહ્યું હતું

2026ના ટી-20 વર્લ્ડકપની સેમી ફાઇનલમાં ભારતે 253 રન બનાવ્યા અને ઈંગ્લેન્ડ 246 રન સુધી જ સિમિત રહ્યું

નવી દિલ્હી, તા. 06 : ઈંગ્લેન્ડની ટીમ માટે 254 રનનો લક્ષ્યાંક બીજીવાર કમનસીબી લઈને આવ્યો હોવાનું એક અલગ જ સામ્ય જોવા મળ્યું છે. 39 વર્ષ પહેલા 1987ના વન ડે વર્લ્ડકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ મૂકેલા 254 રનના લક્ષ્યાંક સામે ઈંગ્લેન્ડ સાત રને હાર્યું હતું અને 2026ના ટી-20 વર્લ્ડકપની સેમી ફાઈનલમાં ભારતે પણ એટલો જ લક્ષ્યાંક મૂક્યા પછી ઈંગ્લેન્ડ તેમાં પણ સાત રને જ હાર્યું છે.

1987ના વર્લ્ડકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ડેવિડ બૂનના 75 રનની મદદથી પાંચ વિકેટે 253 રન બનાવ્યા હતા અને ઈંગ્લેન્ડ બીલ એથે, એલન લેમ્બ અને માઈક ગેટિંગની ઉપયોગી ઈનિંગ છતાં આઠ વિકેટે 246 રન સુધી સિમિત રહેતા મેચ સાત રને હાર્યું હતું. 39 વર્ષ પછી ટી-20 વર્લ્ડકપની સેમી ફાઈનલમાં જાણે કે એ ઈતિહાસ દોહરાવાયો હતો. ભારતે સંજૂ સેમસની 89 રનની ઈનિંગની મદદથી સાત વિકેટે 253 રન બનાવ્યા પછી ઈંગ્લેન્ડ જેકોબ બેથલની સદી છતાં સાત વિકેટે 246 રન સુધી સિમિત રહેતા ભારત મેચ સાત રને જીત્યું હતું.

મેસીએ ડોનાલ્ડ ટ્રમ્પને રત્નજડિત ગુલાબી ફૂટબોલ ભેટમાં આપ્યો

ટ્રમ્પે મેસીને પેલે કરતાં મહાન ગણાવ્યો અને ક્રિસ્ટીયાનો રોનાલ્ડોનો પણ ઉલ્લેખ કર્યો

ઇન્ટર મિયામી MLS જીતવા બદલ વ્હાઇટ હાઉસમાં સન્માન સમારોહનું આયોજન થયું

વોશિંગ્ટન, તા. 06 : ગયા વર્ષે મેજર લીગ સોકર (એમએલએસ) કપ જીતવા બદલ ઈન્ટર મિયામીના સન્માનમાં વ્હાઇટ હાઉસ ખાતે યોજાયેલા એક સમારોહ દરમિયાન દિગ્ગજ ફૂટબોલર લિયોનેલ મેસીએ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને રત્નજડિત ગુલાબી ફૂટબોલ ભેટમાં આપ્યો. ટ્રમ્પે મેસીને પેલે કરતાં મહાન ગણાવ્યો હતો અને પોતાના સંબોધન દરમિયાન ક્રિસ્ટીયાનો રોનાલ્ડોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ડિસેમ્બરમાં ઈન્ટર મિયામીએ વાનકુવર વ્હાઇટકેપ્સને હરાવીને મેજર લીગ સોકરનો ખિતાબ જીત્યો હતો.

આર્જેન્ટિનાના સુપરસ્ટાર મેસીને સતત બીજી સિઝન માટે મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર (એમવીપી) જાહેર કરવામાં આવ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે લિયો (મેસી), તું ટીમમાં જોડાયો અને તારી ટીમ જીતી ગઈ. તારા માટે સારું પ્રદર્શન કરવું સરળ નહોતું. પ્રામાણિકપણે, કોઈને ખબર નથી કે તારા પર કેટલું દબાણ હતું કારણ કે બધાને અપેક્ષા હતી કે તું જીતશે, અને તું જીત્યો. મેસીએ ટ્રમ્પ સાથે સમારોહમાં પ્રવેશ કર્યો. 2023માં મિયામીમાં જોડાનારા મેસીએ કાર્યક્રમ દરમિયાન કોઈ વાત કરી ન હતી. મેસીને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે તું દુનિયામાં ગમે ત્યાં જઈ શક્યો હોત. તું દુનિયાની કોઈપણ ટીમ પસંદ કરી શક્યો હોત, પરંતુ તુંએ મિયામી પસંદ કરી.

ટી-20 વર્લ્ડકપ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટની રેસમાં સેમસન સામેલ

સેમસનની સાથે વિલ જેક્સ, સાહિબઝાદા, એન્ગીડી, માર્કરમ, રચિન, સૈફર્ટ અને શાલ્કવિક પણ રેસમાં સામેલ

દુબઈ, તા. 06 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ ટી-20 વર્લ્ડકપમાં 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' માટે નોમિનેટ કરાયેલા આઠ ખેલાડીઓમાં ઈન-ફોર્મ ભારતીય ઓપનર સંજુ સેમસનનું નામ સામેલ કર્યું છે. અન્ય ખેલાડીઓમાં ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર વિલ જેક્સ, પાકિસ્તાનનો ઓપનર સાહિબજાદા ફરહાન, દક્ષિણ આફ્રિકાનો ઝડપી બોલર લુંગી એન્ગીડી અને કેપ્ટન એડન માર્કરમ, ન્યુઝીલેન્ડના ઓલરાઉન્ડર રચિન રવિન્દ્ર અને બેટ્સમેન ટિમ સૈફર્ટ અને અમેરિકન બોલર શેડલી વાન શાલ્કવિકનો સમાવેશ થાય છે.

સેમસનને ટુર્નામેન્ટની શરૂઆતની મેચોમાં રમવાની તક મળી ન હતી પરંતુ છેલ્લી બે મેચમાં તેણે 97 અને 89 રનની અણનમ ઈનિંગ્સ રમી હતી અને ભારતને ફાઈનલમાં પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ વિકેટકીપર બેટ્સમેને ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ચાર મેચમાં 77.33 ની સરેરાશ અને 201.73 ના સ્ટ્રાઈક રેટથી 232 રન બનાવ્યા છે. જેક્સે ટી-20 વર્લ્ડકપમાં આઠમાંથી છ મેચમાં ચાર વખત પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો છે. તેણે આઠ મેચમાં 226 રન બનાવ્યા છે અને નવ વિકેટ લીધી છે.

ફરહાનના નામે એક જ ટી-20 વર્લ્ડકપ ટુર્નામેન્ટમાં બે સદી સાથે સૌથી વધુ 383 રન બનાવવાનો રેકોર્ડ છે. એનગિડીએ સાત મેચમાં 7.89ના ઈકોનોમી રેટથી 12 વિકેટ લીધી હતી જ્યારે માર્કરમે આઠ મેચમાં ત્રણ અડધી સદીની મદદથી 286 રન બનાવ્યા હતા અને એક વિકેટ પણ લીધી હતી. ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર રચિને આઠ મેચમાં 128 રન બનાવ્યા છે અને 11વિકેટ લીધી છે. અમેરિકન ઝડપી બોલર વાન શાલ્કવિકેમાત્ર ચાર મેચમાં 6.80 ના ઈકોનોમી રેટથી 13 વિકેટ લીધી.

સ્મૃતિ મંધાના પોતાનું 'બાર્બી' સ્વરૂપ મેળવનારી પ્રથમ ક્રિકેટર બની

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પહેલા સ્મૃતિ મંધાના ખાસ ટીંગલી સાથે ટીમ બાર્બીમાં જોડાઇ

નવી દિલ્હી, તા. 06 : ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના પોતાનું બાર્બી સ્વરૂપ મેળવનારી વિશ્વની પ્રથમ ક્રિકેટર બની છે! આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 2026 પહેલા, મેટલની 'ડ્રીમ ટીમ' પહેલ બધા અવરોધો તોડનારી મહિલાઓનું સન્માન કરે છે, અને મંધાના ગર્વથી ભારત અને મહિલા ક્રિકેટનું પ્રતિનિધિત્વ કરે છે. મંધાના એવી પહેલી ક્રિકેટર છે જેમને એક અનોખી બાર્બી ડોલ સાથે અમર બનાવવામાં આવી છે, જે મહિલા ક્રિકેટમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન અને વિશ્વભરના યુવા ખેલાડીઓ માટે રોલ મોડેલ તરીકેના તેના પ્રભાવની ઉજવે છે. તે એટલા માટે મહત્વનું છે કે દાયકાઓ સુધી, બાર્બી એક રાજકુમારી હતી. દેખાવ જ મહત્વપૂર્ણ હતો. પરંતુ બાર્બી મૂવી, અને હવે બ્રાન્ડનું ધ્યાન વાસ્તવિક મહિલાઓ અને તેમની સિદ્ધિઓ પર છે, આપણી નજર એવા રોલ મોડેલ્સ તરફ ફેરવે છે જેઓ વાસ્તવિક જીવનમાં સિદ્ધિઓ ધરાવે છે. મંધાનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં પ્રતિબિંબિત કર્યું કે યુવાન છોકરીઓ માટે રમકડાં અને લોકપ્રિય સંસ્કૃતિમાં તેમના જેવા કોઈને રજૂ કરવામાં આવે તે કેટલું શક્તિશાળી હોઈ શકે છે.

બિહારના મુખ્ય મંત્રીના હોદ્દા પરથી નીતીશકુમારની શાલિનતાથી હકાલપટ્ટી કરવામાં આવી છે

ભાજપ માટે કહેવાય છે કે જે રાજ્યમાં તેની સરકાર બને ત્યાં તે પહેલો ભોગ વિરોધીઓનો લે છે અને બીજો ભોગ પોતાના સહયોગીઓનો લે છે. જો આ વાત માનવામાં ન આવતી હોય તો ભાજપે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના અને પંજાબમાં અકાલી પક્ષના જે હાલહવાલ કર્યા, તેનો ઇતિહાસ તપાસી જોજો. ભાજપ જે રાજ્યમાં પોતાને પગ મૂકવાની પણ જગ્યા ન હોય ત્યાં પ્રાદેશિક પક્ષની પીઠ ઉપર ચડીને પ્રવેશ કરે છે, પોતાનો પગદંડો જમાવે છે અને પછી હળવે રહીને પ્રાદેશિક પક્ષને લાત મારીને પોતે ખુરશી પર સવાર થઈ જાય છે. ભાજપે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના જે હાલ કર્યા તે હાલ હવે બિહારમાં નીતીશકુમારના કર્યા છે; ફરક એટલો છે કે ઉદ્ધવ ઠાકરેને લાત મારીને દૂર કરવામાં આવ્યા હતા, જ્યારે નીતીશકુમારને મુલાયમ રીતે દૂર કરવામાં આવ્યા છે. નીતીશ કુમાર છેલ્લાં વીસ વર્ષથી ભાજપ અથવા તેના વિરોધીઓ સાથે ગઠબંધન કરીને મુખ્ય મંત્રીની ગાદી પર ટકી રહ્યા હતા. હવે ભાજપે તેમને ધીમેથી ધક્કો મારીને ખુરશી ખેંચી લીધી છે, પણ ઉદ્ધવ ઠાકરેની જેમ તેમનું અપમાન કરવાને બદલે તેમનો રાજ્યસભામાં જવાનો રસ્તો ખુલ્લો કરીને તેમને બહુમાનપૂર્વક વિદાય આપી છે. ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા આ ઓપરેશન એટલી સિફતથી પાર પાડવામાં આવ્યું કે નીતીશના સહયોગીઓને પણ તેની ગંધ આવી નહોતી.

૨૦૨૫માં ભાજપે નીતીશકુમારના પક્ષ જેડીયુના સાથમાં વિધાનસભાની ચૂંટણી લડી ત્યારે તેમનું સૂત્ર હતું: ફરી એક વાર ૨૦૨૫ થી ૨૦૩૦ નીતીશ. ભાજપ અને જેડીયુના ગઠબંધનનો જંગી બહુમતીથી વિજય થયો હતો અને નીતીશકુમારે દસમી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. છેલ્લા બે દાયકાથી બિહારના રાજકારણનાં મુખ્ય કેન્દ્ર રહેલા નીતીશકુમારે માત્ર ૧૦૫ દિવસ પહેલાં જ શપથ લીધા હતા અને હવે તેમણે મુખ્ય મંત્રીપદેથી રાજીનામું આપ્યું છે. ભાજપે ૨૦૩૦ તો શું ૨૦૨૬નું વર્ષ પૂરું થાય ત્યાં સુધી પણ તેમને મુખ્ય મંત્રીના હોદ્દા પર રહેવા દીધા નથી. તેમના આ નિર્ણયથી તેમના પક્ષનાં લાખો કાર્યકરોને ભારે આંચકો લાગ્યો છે.

નીતીશકુમારની સોશ્યલ મીડિયા પોસ્ટ મુજબ તેઓ સ્વેચ્છાએ સંસદના ઉપલા ગૃહના સભ્ય બનવા માંગે છે, પરંતુ પક્ષના કાર્યકરો માટે આ સ્વીકારવું મુશ્કેલ છે. ભાગલપુરના એક કાર્યકરે કહ્યું કે નીતીશકુમારના રાજ્યસભામાં જવાના સમાચાર બહાર આવ્યા પછી તેમનો હોળીનો આનંદ ગાયબ થઈ ગયો છે. આટલો મોટો નિર્ણય અચાનક કેવી રીતે અને શા માટે લેવામાં આવ્યો તે અંગે તેમના પક્ષના કાર્યકરો ગુસ્સો, રોષ અને ઊંડી મૂંઝવણમાં છે. નીતીશના સમર્થકો કહે છે કે આ નિર્ણય નીતીશકુમારનો નથી. જો તેમણે નિર્ણય લીધો હોત, તો પણ તેમણે હોળી પછી પાર્ટીનાં કાર્યકરો અને સભ્યો સાથે સલાહ લીધા પછી જ લીધો હોત. ગઈ કાલે રાત્રે સમાચાર જોયા કે તરત જ હું સવારે પટના દોડી ગયો. મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે આવું કંઈક થયું છે.

૫ માર્ચની સવારથી જ જેડીયુના સેંકડો કાર્યકરો પાર્ટી કાર્યાલય અને એક અન્ય માર્ગ પર મુખ્યમંત્રીના નિવાસસ્થાનની બહાર એકઠા થવા લાગ્યા હતા. મુખ્યમંત્રી નિવાસસ્થાનની બહાર પરિસ્થિતિ એવી બની ગઈ કે વધારાનું પોલીસ દળ તૈનાત કરવું પડ્યું. કાર્યકરોને પણ ત્યાં ઊભા રહેવાની મનાઈ ફરમાવી દેવામાં આવી. જ્યાં સુધી JDU કાર્યાલયનો સવાલ છે, ત્યાં સુધી ગુસ્સે ભરાયેલા કાર્યકરોએ તેમાં તોડફોડ પણ કરી હતી. જ્યારે નીતીશકુમારનો કાફલો ગૃહમંત્રી અમિત શાહ સાથે રાજ્યસભાનું ઉમેદવારીપત્ર ભરવા માટે મુખ્યમંત્રી નિવાસસ્થાનથી નીકળ્યો ત્યારે બહાર પાર્ટીનાં કાર્યકરોએ અમિત શાહ અને લલ્લન સિંહ મુર્દાબાદના નારા લગાવ્યા હતા. લલ્લન સિંહ જેડીયુના નેતા છે અને નીતીશની વિદાયનું કાવતરું તેમણે ભાજપ સાથે મળીને રચ્યું હોવાનું કહેવાય છે. મોટા ભાગનાં લોકોએ આરોપ લગાવ્યો

દુધ પોઈન્ટ
સમકિત શાહ

હતો કે નીતીશકુમારના રાજ્યસભાના નોમિનેશન માટે તેમના પોતાના પક્ષનાં કેટલાંક લોકો દ્વારા દબાણ કરવામાં આવી રહ્યું છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે નીતીશકુમારના આ નિર્ણય પાછળનાં મુખ્ય કારણો શું હતાં? શું તેઓ ખરેખર દબાણ હેઠળ હતા? બિહારના આગામી મુખ્યમંત્રી કોણ બનશે? તેઓ કયા પક્ષના હશે? નીતીશકુમારના પુત્ર નિશાંત કુમાર રાજકારણમાં પ્રવેશ કરી રહ્યા છે, તેવા દાવામાં કેટલું સત્ય છે? જેડીયુનું ભવિષ્ય શું છે? શું જેડીયુ ભાજપમાં વિલીન થઈ જશે? જાણકાર સૂત્રો કહે છે કે હોળીની સાંજે દિલ્હીમાં એક બેઠક મળી હતી, જેમાં ગૃહ મંત્રી અમિત શાહ સાથે નીતીશના ત્રણ સહયોગીની વાટાઘાટો થઈ હતી.

આ બેઠકમાં નીતીશના વિદાયની રૂપરેખાઓ નક્કી કરવામાં આવી હતી. કેટલાક દિવસો પહેલાં નીતીશના નજીકનાં મનાતાં કેટલાંક લોકો પર ઇડીના દરોડાઓ પાડવામાં આવ્યા હતા, જેના તાર નીતીશકુમાર સાથે જોડાયેલા હતા. આ દરોડાઓના કારણે નીતીશકુમાર પર દબાણ આવ્યું અને તેઓ રાજીનામું આપવા તૈયાર થઈ ગયા હતા.

બિહારના વરિષ્ઠ પત્રકાર અને લેખક સંતોષસિંહ અને ૧૯૭૩ થી પત્રકારત્વ કરી રહેલા વરિષ્ઠ પત્રકાર લવકુમાર મિશ્રા નીતીશ કુમારના આ નિર્ણયને બિલકુલ આશ્ચર્યજનક માનતા નથી. તેમના મતે નીતિશકુમાર મુખ્યમંત્રી પદ છોડીને રાજ્યસભામાં જશે તે પહેલાંથી જ નક્કી હતું. સંતોષસિંહના જણાવ્યા મુજબ એક ચોક્કસ તારીખથી મુખ્યમંત્રી નિવાસસ્થાનમાં સમાચાર ફેલાવા લાગ્યા કે સાહેબ જવાના છે. સંતોષસિંહ આનાં કેટલાંક મુખ્ય કારણો જણાવે છે. પ્રથમ, રાજ્યસભાની ખાલી જગ્યાઓ લગભગ દર બે વર્ષે ખાલી પડે છે, તેથી જો નીતીશકુમારે આ ખાલી જગ્યા માટે ઉમેદવારી નોંધાવી ન હોત, તો તેમણે બીજાં બે વર્ષ રાહ જોવી પડી હોત. બીજું, તેમનું સ્વાસ્થ્ય લથડતું હતું. તેઓ હવે પહેલાં જેટલા નિર્ણયો લેવા સક્ષમ નહોતા. ત્રીજું, પાર્ટીના રાષ્ટ્રીય સચિવ અને ભૂતપૂર્વ અમલદાર મનીષ વર્માનું નામ તેમના ઉત્તરાધિકારીની રેસમાં ઊભરવા લાગ્યું હતું, જેના કારણે નીતીશકુમાર માટે થોડી અસ્વસ્થતાભરી પરિસ્થિતિ ઊભી થઈ હતી.

આ પછી, નીતીશકુમારના પુત્ર નિશાંત કુમારને રાજ્યસભામાં મોકલવા અંગે ચર્ચાઓ શરૂ થઈ હતી. જો કે, નિશાંતે દિલ્હી જવાનો ઇનકાર કર્યો હતો. પરિણામે, લલ્લનસિંહ, સંજય ઝા અને વિજય ચૌધરી જેવા નેતાઓએ નીતીશકુમારને સમજાવ્યા કે રાજ્યસભામાં પ્રવેશવાનો આ યોગ્ય સમય છે. સંતોષસિંહ એ વાત તરફ પણ ધ્યાન દોરે છે કે નીતીશકુમાર પછીના જેડીયુના નેતૃત્વના ભાજપ સાથે ખૂબ જ સૌહાર્દપૂર્ણ સંબંધો છે. સંજય ઝા ભાજપમાં હતા. લલ્લનસિંહ નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં મંત્રી છે. નીતીશકુમાર પોતે નિર્ણયો લેવા સક્ષમ નથી, તેથી એમ કહેવું કે તે તેમનો સ્વતંત્ર નિર્ણય હશે તે યોગ્ય નહીં હોય. લવકુમાર મિશ્રા માને છે કે નીતીશકુમાર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય પ્રધાન અમિત શાહનું દબાણ હતું. ચૂંટણી દરમિયાન જ તેમને કહેવામાં આવ્યું હતું કે તેમણે હવે રાજ્યસભામાં જવું જોઈએ અને રાજ્યમાં ભાજપના મુખ્ય પ્રધાન બનાવવા જોઈએ. નીતીશકુમારને કહેવામાં આવ્યું હતું કે આગામી મુખ્યમંત્રી તેમની સંમતિથી પસંદ કરવામાં આવશે. જો ભાજપના મુખ્યમંત્રી બનશે, તો બે નાયબ મુખ્યમંત્રી જેડીયુમાંથી હશે.

મુખ્યમંત્રીપદની રેસમાં સમ્રાટ ચૌધરી ઉપરાંત નિત્યાનંદ રાય, વિજય સિંહા, દિલીપ જયસ્વાલ, સંજીવ ચૌરસિયા, પ્રમોદ ચંદ્રવંશી, રામકૃપાલ યાદવ, જનક રામ જેવા લોકોનાં નામ પણ ચર્ચામાં છે. નીતીશકુમારના પુત્ર નિશાંત કુમારને નાયબ મુખ્યમંત્રી બનાવવાની પણ ચર્ચા છે. નિશાંતકુમાર નીતીશકુમારના એક માત્ર પુત્ર છે. તેઓ મોટા ભાગે જાહેર અને રાજકીય જીવનથી દૂર રહ્યા છે. તેમણે એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. જો નિશાંતકુમારને નાયબ મુખ્ય મંત્રી બનાવવામાં આવે તો નીતીશકુમાર પણ વંશપરંપરાગત શાસનના સમર્થક ગણાઈ જશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ભાજપે ૨૦૩૦ તો શું ૨૦૨૬નું વર્ષ પૂરું થાય ત્યાં સુધી પણ નીતીશને મુખ્ય મંત્રીના હોદ્દા પર રહેવા દીધા નથી. તેમના આ નિર્ણયથી તેમના પક્ષનાં લાખો કાર્યકરોને ભારે આંચકો લાગ્યો છે

ટીમે અભિષેક પર અને તેણે પોતાના પર વિશ્વાસ રાખવો જોઈએ : કપિલ દેવ

નવી દિલ્હી, તા. 06 : માજી કેપ્ટન કપિલ દેવે આજે શુક્રવારે કહ્યું કે ભારતીય ટીમ મેનેજમેન્ટે અભિષેક શર્માને તેના ખરાબ ફોર્મ છતાં ન્યુઝીલેન્ડ સામેની ટી-20 વર્લ્ડકપ ફાઇનલમાં જાળવી રાખવો જોઈએ. કપિલે અહીં એક ગોલ્ફ ઈવેન્ટ દરમિયાન કહ્યું કે તમારી ટીમમાં વિશ્વાસ રાખો અને મેનેજમેન્ટને ખેલાડીઓમાં વિશ્વાસ હોવો જોઈએ. અભિષેકને પોતાનામાં વિશ્વાસ હોવો જોઈએ કે હું રમી શકું છું અને રમીશ. ગુરુવારે રમાયેલી બીજી સેમિફાઈનલમાં ભારતની જીત અંગે કપિલે કહ્યું કે તેમને મેચ આટલી નજીકની થવાની અપેક્ષા નહોતી. ભારતે 250 થી વધુ રન બનાવ્યા પછી મને કોઈ મુશ્કેલીની અપેક્ષા નહોતી. તે એક શાનદાર મેચ હતી.

ફકત રૂા. ૮૦/- થી શરૂ
સત્ય ઘટના પર આધારિત
ધ કેરળ સ્ટોરી-2

* ઉલ્કા ગુપ્તા * આદિતિ ભાટીયા * ઐશ્વર્યા ઓઝા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
અંધશ્રદ્ધાના ઘેરા ઊંડાણની શોધ
ચરક


*અંજલી પાટીલ * શુભત દત્તા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

એક પ્લેટફોર્મ, કમાણીની અસીમિત તકો
સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, વેસ્ટર્ન રેલવે તમને ઇન્ડિયન રેલ્વે ઇ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (IREPS) દ્વારા વ્યવસાયિક તકો મેળવવા માટે આમંત્રિત કરે છે. આ લીઝિંગ અને વ્યાપારી કોન્ટ્રાક્ટ માટેનું સંપૂર્ણ ઓનલાઇન અને પારદર્શક પ્લેટફોર્મ છે.
નીચે મુજબની વસ્તુઓ માટે ઈ-હરાજીમાં ભાગ લો:
પાર્સલ જગ્યા » પાર્કિંગ લોટ » જાહેરાતના હકો (સ્ટેશન, ટ્રેન, ડિજિટલ, હોર્ડિંગ) » પે એન્ડ યુઝ શૌચાલય » એસી વેઈટિંગ રૂમ અને ક્લોક રૂમ » સ્ટોરેજ રૂમ » એટીએમ જગ્યા » પ્લાસ્ટિક બોટલ કચરા » કેટરિંગ યુનિટ્સ » અન્ય વિવિધ કમાણીની અસ્કયામતો
શા માટે IREPS પસંદ કરવું?
» સરળ અને પારદર્શક પ્રક્રિયા
» યોગ્યતાના માપદંડોમાં છૂટછાટ (40 લાખ સુધીના કોન્ટ્રાક્ટ માટે કોઈ ટર્નઓવરની જરૂર નથી)
» ઓનલાઇન પેમેન્ટ અને DSC-આધારિત બિડિંગ
» ભારતમાં ગમે ત્યાંથી ભાગ લઈ શકાય છે
રજિસ્ટ્રેશન માટે: www.ireps.gov.in પર અત્યારે જ નોંધણી કરો
સંપર્ક: srdcm@bct.railnet.gov.in
ફોન: 022-67644212
(સવારે 11:00 થી સાંજના 17:00 કલાક સુધી, સોમવારથી શુક્રવાર, જાહેર રજાઓ સિવાય)
પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
1194
અમને લાઇક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
આવતી કાલે
ઈન્ડીયા V/s ન્યુઝીલેન્ડ મેચ
સાંજે : ૬.૩૦ કલાકેથી
સત્ય ઘટના પર આધારિત
ધ કેરળ સ્ટોરી-2
ઉલ્કા ગુપ્તા, આદિતિ ભાટીયા, ઐશ્વર્યા ઓઝા
૧૦.૦૦, ૧૨.૩૦, ૨.૦૦, ૫.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦
ઓ રોમિયો ૩.૦૦, રાત્રે ૯.૩૦
શતક ૬.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007 : @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com Paytm

ધ કેરળ સ્ટોરી-2 ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૦૦, ૧.૨૦, ૨.૦૦, ૩.૨૦, ૫.૦૦, ૫.૪૫, ૭.૦૦, રાત્રે ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦
ઓ રોમિયો ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૦, રાત્રે ૯.૨૫, ૧૦.૦૦, ૧૧.૦૦
દો દિવાને શહર મેં ૯.૨૦, ૨.૩૦, ૭.૨૫, રાત્રે ૧૦.૧૦
બેહદ ગુજરાતી : સવારે ૯.૩૦, રાત્રે ૮.૩૦
લગન લાગી રે ગુજરાતી : ૨.૦૦, ૫.૪૫, ૬.૨૦
ચરક ૯.૧૦, ૨.૩૫, ૭.૩૦, રાત્રે ૯.૪૦
શતક હિન્દી : ૧૨.૨૦, ૭.૩૦
લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે ગુજરાતી : ૧૧.૨૫, ૫.૦૦
લાગણીનો મેળો ગુજરાતી : ૫.૪૫
મર્દાની-3 હિન્દી : ૪.૩૦
બોર્ડર-2 હિન્દી : ૨.૪૦, ૩.૫૦
હોપર્સ હિન્દી : ૧૨.૩૦, રાત્રે ૮.૧૦

પશ્ચિમ રેલવે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો ચલાવશે

ટ્રેન નંબર	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થળ	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
09029	બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ)	08.03.2026	00:05 hrs (રવિવાર)	08:40 hrs (તેજ દિવસે)
09030	અમદાવાદ - બાંદ્રા ટર્મિનસ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ)	09.03.2026	03:20 hrs (સોમવાર)	11:35 hrs (તેજ દિવસે)
હોલ્ટ : બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટેશનની બંને દિશામાં				
કમ્પોઝીશન : ફર્સ્ટ એસી, એસી 2 ટાયર, એસી 3 ટાયર કોચીસ				
09044	અમદાવાદ - બાંદ્રા ટર્મિનસ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ)	09.03.2026	03:50 hrs (સોમવાર)	12:15 hrs (તેજ દિવસે)
09043	બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ)	09.03.2026	14:30 hrs (સોમવાર)	22:55 hrs (તેજ દિવસે)
હોલ્ટ : બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટેશનની બંને દિશામાં				
કમ્પોઝીશન : એસી 3 ટાયર કોચીસ				
01154	અમદાવાદ- છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ	09.03.2026	04:00 hrs (સોમવાર)	12:55 hrs (તેજ દિવસે)
01153	છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ-અમદાવાદ	07.03.2026	22:05 hrs (શનિવાર)	06:40 hrs (બીજા દિવસે)
હોલ્ટ : વડોદરા, સુરત, વસઈ રોડ, થાણે અને દાદર સ્ટેશનની બંને દિશામાં				
કમ્પોઝીશન : એસી 3- ટાયર (ઈકોનોમી) કોચીસ				
01418	અમદાવાદ - પૂણે	09.03.2026	02:00 hrs (સોમવાર)	12:10 hrs (તેજ દિવસે)
01417	પૂણે-અમદાવાદ	07.03.2026	17:30 hrs (શનિવાર)	05:30 hrs (બીજા દિવસે)
હોલ્ટ : વડોદરા, સુરત, વસઈ રોડ, કલ્યાણ અને લોનાવાલા સ્ટેશનની બંને દિશામાં				
કમ્પોઝીશન : એસી 2 ટાયર, એસી 3 ટાયર, સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ				

સ્ટોપેજ, હોલ્ટના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકો છો.
ટ્રેન નંબર 09029, 09030, 09044, 09043, 01154 અને 01418 માટે બુકિંગ 07.03.2026થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે દોડશે
પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly